ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૧/૨૩–૨૪/ 1624 તારીખ : 27 DEC 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૧/૨૩–૨૪

પ્રતિ,
**શ્રી ગેસ્વામી વિનુગીરી કાશીગીરી,**
લોઠેશ્વર મહાદેવ મંદિર પાસે,
મું.કંટાસર,તા.મહુવા,
જી.ભાવનગર.

મો.નં– ૯૯૭૯૯ ૧૦૯૦૧

વિષય : **ઘર વપરાશનું નવું કનેકશન જોડી ન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૮/૦૮/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૦૪/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૨૩–૨૪/૧૩૨૩ તા.૧૨/૦૯/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૨૩–૨૪/૧૫૨૫ તા.૦૨/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૧૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, મહુવા.

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
**(૨) નાયબ ઈજનેરશ્રી,** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨,મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૧/૨૩–૨૪** ☜

**વાદી :– શ્રી ગોસ્વામી વિનુગીરી કાશીગીરી**

◈ **વિરૂઘ્ઘ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૨/૧૨/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી ગોસ્વામી વિનુગીરી કાશીગીરી (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.એસ.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા. તથા**
**શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગોસ્વામી વિનુગીરી કાશીગીરી, મું.કંટાસર, તા.મહુવા, જી.ભાવનગરની ઘર વપરાશનું નવું કનેકશન જોડી ન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૧/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૨૩–૨૪/૧૩૨૩ તા.૧૨/૦૯/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૨/૧૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ગોસ્વામી વિનુગીરી કાશીગીરી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.એસ.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના તાલુકો મહુવાના ગામ કંટાસરમાં લોઠેશ્વર મહાદેવના મંદિર પાસેના સ્થળે રહે છે. તેઓની વિજ કચેરી મહુવા રૂરલ–૨ માં તમામ આધાર પુરાવા આપી એ–વન ફોર્મ ભરી વિજ કચેરીમાં આપેલ ત્યારબાદ, કચેરી દ્વારા ફોર્મ તપાસ કરીને તેઓને પરત આપેલ અને તેઓને હેલ્પર પાસે સર્વે કરવાનું ફોર્મ અલગ આપેલ અને કહેલ કે, તમારા સ્થળે હેલ્પર પાસે સર્વે કરાવી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

હેલ્પરની સહી ડીટેલ લખાવીને ફરી પાછા આવજો. બીજા દિવસે હેલ્પર પાસે ગયેલ. તેઓએ હેલ્પરને જણાવેલ કે કચેરીમાંથી સર્વે કરવાનું ફોર્મ આપેલ છે તો ચાલો સર્વે કરવા હેલ્પર તેઓના સ્થળે સર્વે મોજણી કરવા આવેલ.

૧.૨ આજુબાજુમાં બે વીજ કનેકશન ટી.સી મુકીને સીગલ ફેજના બે વીજ કનેકશન લગાડેલ છે. હાલમાં ચાલુ છે તેના વીજ બીલની કોપી સાથે જોડેલ છે. ખેતીવાડીના શેઢા બહાર પ્લોટ વિસ્તારમાં ઘર છે.જે બે વીજ કનેકશન લગાડેલ છે તે બન્ને ગ્રાહકને અલગ અલગ બે ટી.સી લગાડેલા છે. હેલ્પરે ટી.સી માંથી એલ.ટી લાઈનનું સર્વે કરીને ફોર્મ પરત આપેલ અને જણાવેલ કે વીજ કચેરીમાં જમા કરાવી દેશો. અરજદાર મહુવા રૂરલ–૨ કચેરીમાં હેલ્પરનું સર્વે કરેલ ફોર્મ અને તેઓનું એવન ફોર્મ સાહેબને આપેલ સાહેબે એવન ફોર્મમા એસ.આર.નંબર નાંખી રૂા.૪૭/૨૦ લખી મને જણાવેલ કે કેસ બારીએ ભરી દેજો. ત્યારબાદ કચેરીમાંથી કોટેશન નાણાં ભરવાનું આવે ત્યારે આવજો તેથી તેઓએ તા.૦૧.૦૬.૨૦૨૧ ના રૂા.૪૭.૩૦ પહોંચ નંબર–૩૧૩૮૪૦ રજીસ્ટ્રેશન ચાર્જના નાણાં ભરી આપેલ. ત્યારબાદ, મહુવા રૂરલ–૨ માંથી ૨૫ દિવસ પછી રૂા.૪૦૫૧/– નું કોટેશન આવેલ મળેલ બીજા દિવસે તેઓ મહુવા રૂરલ–૨ માં કોટેશનના નાણાં ભરવા ગયેલ રૂા.૩૫૦૦+૫૫૧ તા.૨૫/૦૬/ ૨૦૨૧ પહોંચ નં–૨૧૬૮૫૫/૫૬ થી કોટેશનના નાણાં ભરી દીધેલ. હેલ્પરે જે સર્વે કરેલ તે નજીકના ટી.સી.માંથી એલ ટી લાઈનના બે પોલનું સર્વે કરેલ હતું.

૧.૩ થોડા દિવસ પછી સ્થળ ઉપર બે પોલ આવી ગયેલ, થોડા દિવસ બાદ કોન્ટ્રાકટરના માણસો પોલ લગાડવા આવેલ ત્યારે નજીકના ગ્રાહક જેને સીંગલ ફેજનું અલગ ટી.સી આપેલ છે તે ગ્રાહકે ટી.સી.માંથી વીજ કનેકશન એલટી લાઈન પસાર કરવા વાંધો પાડેલ. મારા ટી.સી માંથી કોઈને વીજ કનેકશન આપવું નહીં. કોન્ટ્રાકટરના માણસો જતા રહેલ. થોડા દિવસો બાદ અરજદારની વીજ કચેરીના મહુવા રૂરલ–૨ માંથી સાહેબ આવેલ ટી.સી વાળા ગ્રાહક પાસે ગયેલ અને જણાવેલ કે ટી.સી માંથી લાઈન લેવા દેજો. તો તેણે જણાવેલ કે મારા ટી.સી.માંથી લાઈનનું જોડાણ કરવું નહી.માટે અંગત તેની સાથે વાંધો છે. નજીક નજીકમાં બે ટી.સી મુકેલા છે. સીગલ ફેજ લાઈટીગના ગમે ત્યાંથી મને વીજ કનેકશન આપવું જોઈએ. પોલીસ ફરીયાદ કરવી જોઈએ. પોલીસ રક્ષણ મેળવી કનેકશનનું જોડાણ કરવું જોઈએ. તેના બદલે અરજદારને હેરાન કરવા તા.૨૪.૧૨.૨૦૨૧ પત્ર નં–૪૬૩૩ પત્ર લખેલ કે તમે ખેતીવાડીમાં રહો છો તમારી ૭–૧૨–૮અ આપો. અરજદાર ખેતીવાડીની બહાર પ્લોટ વિસ્તારમાં મકાન છે જે ખેતીવાડી અરજદારના ઘર પાછળ છે. અરજદારની નથી છતાં માનેલ નહી. બળજબરીથી ૭–૧૨,૮–અ લાવવા જણાવેલ તેથી મેં ૭–૧૨, ૮–અ આપેલ કે આ ખેતીવાડી અરજદારની નંથી છતાં માનેલ નહી હેલ્પરે સર્વે કરેલ છે તે જગ્યાએ સર્વે કરેલ છે તે એ જગ્યા છે કે બીજી જગ્યા છે તે પહેલા એ તપાસ કરવી જોઈએ. લોઠેશ્વર મંદિર આસપાસ પ્લોટ વિસ્તાર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

અન્ય ખેતીવાડી છે. આવી રીતે ખોટી રીતે હેરાન કરવામાં આવે છે. તો કંપનીના નિયમ મુજબ બેદરકારી રાખવા બદલ પગલા લઈ મને વીજ કનેકશન આપવા હુકમ કરવા વિનંતી છે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપ સાહેબશ્રી ને જણાવવાનું કે ગોસ્વામી વિનુગીરી કાશીગીરી દ્વારા ઉપરોક્ત સંદર્ભ નંબર–બીઝેડ/ફોર્મ/ફોરમ/૦૮/૨૩–૨૪/૧૩૨૩ તા. ૧૨.૦૯.૨૦૨૩ થી ઘર વપરાશનું વીજ કનેકશન આપવા બાબતની ફરિયાદ કરેલ હોય જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે અરજદાર દ્વારા તા.૨૫.૦૬.૨૦૨૧ ના રોજ ઘર વપરાશના નવા વીજ કનેકશન માટે મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીએ રૂ.૩૫૦૦/– સર્વિસ કનેકશનના તથા રૂ.૫૫૧/– ડીપોઝીટના એમ.આર.નંબર ૨૧૦૮૫૫–૫૬ થી ભરેલ હતા. જેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ દ્વારા પેઈડ પેંન્ડીગ રજીસ્ટરમાં ૧૨૮૮ નંબરથી એન્ટ્રી કરેલ છે. તેમાં ૨૦૦ મીટર એલ ટી લાઈન ઉભી કરવાની સર્વેમાં દર્શાવેલ છે. તેના આધારે જે તે સમયે સ્થળ પર લાઈન કામ કરવા જતા સદર જગ્યા ખેતીવાડીમાં હોઈ અને તેમાં વાવેતર કરેલ હતું. પરંતુ અરજદાર દ્વારા ગામતળમાં વીજજોડાણની માંગણી હોઈ અને સ્થળ પર ખરેખર ખેતીવાડીની જગ્યા માલુમ પડતાં વીજજોડાણ આપવાની કાર્યવાહી થઈ શકેલ નથી અને સદર અરજદારને દર્શાવેલ જગ્યા વીજ જોડાણ લેવા માટે જરૂરી દસ્તાવેજ આપવા માટે ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરી દ્વારા સંદર્ભ નંબર – MHV/R-2/4633 તા.૨૪.૧૨.૨૦૨૧ થી જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરવા જાણ કરેલ. પરંતુ, હજુ સુધી પુરાવા આપવામાં આવેલ ન હોઈ વીજજોડાણ અંગેની કાર્યવાહી થઈ શકેલ નથી તેથી અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ – ૨ કચેરી દ્વારા અરજદારને પત્ર નંબર – MHV/R-2/3966 તા. ૦૨.૧૨.૨૦૨૩ થી અરજદાર ને અંદાજપત્રના નાણાં પરત લેવા માટેનો પત્ર લખી જાણ કરેલ છે.

**☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી ગોસ્વામી વીનુગીરી કાશીગીરી મું.કંટાસર, તા. મહુવા દ્વારા તેમને ઘરવપરાશનું કનેકશન પ્રતિવાદી દ્વારા ન આપવામાં આવતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદી ની અરજી ની રૂબરૂ સુનાવણી અજરોજ તા.૧૨.૧૨.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ. જેમાં, વાદી અને પ્રતિવાદી હાજર રહેલ છે અને પોતાનો પક્ષ રજુ કરેલ છે.

૩.૩ કેસની વિગત મુજબ અરજદારશ્રી ગોસ્વામી વીનુગીરી કાશીગીરી દ્વારા ગામ– કંટાસરના લોઠેશ્વર મહાદેવના મંદિર પાસેના રહેણાંકના સ્થળે ઘર વપરાશનું વીજ કનેકશન માંગવા પ્રતિવાદીની કચેરીમાં તા.૦૧.૦૬.૨૦૨૧ ના રોજ રજીસ્ટ્રેશન ચાર્જ ભરી અરજી કરેલ, જેના આધારે પ્રતિવાદી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

ની કચેરી દ્વારા જરૂરી સર્વે કામ કરીને જણાવવામાં આવેલ સર્વિસ કનેકશન ડીપોઝિટ વગેરેના પૈસા વાદી દ્વારા તા.૨૫.૦૬.૨૦૨૧ ના રોજ ભરપાઈ કરી આપવામાં આવેલ.

ત્યારબાદ, કનેકશનનું લાઈન કામ કરવા જતા સમયે બે પોલ આવી ગયા બાદ ટી.સી.માંથી એલ ટી લાઈન પસાર કરવા સમયે પ્રતિવાદીના જે તે કર્મચારી દ્વારા જણાવેલ કે અરજદાર દ્વારા ગામતળમાં ઘર વપરાશનું વીજ કનેકશનની માંગણી કરેલ છે. જયારે કે જે જગ્યાએ કનેકશન જોઈએ છે તે ખેતીવાડી વિસ્તારની છે, ગામતળની નહી.

૩.૪ ઉપરોક્ત વિગતો ધ્યાને આવતાં પ્રતિવાદી દ્વારા અરજદારને જગ્યાના માલીકી અંગેના રેવન્યુ રેકર્ડ રજુ કરવા જણાવેલ. પરંતુ, વાદી જગ્યાના માલીક ના હોઈ રજુ કરી શકેલ નહી.

૩.૫ ઉપરોક્ત વિગતોને આધારે ફોરમને જણાય છે કે, પ્રતિવાદી જે તે સમયના કર્મચારી/અધિકારી દ્વારા બરાબર સર્વે કરેલ નથી અને વાદી પાસે ચાર્જની રકમ ભરપાઈ કરાવવામાં આવેલ છે જે સર્વે કરનારની ગંભીર ક્ષતિ દર્શાવે છે.

૩.૬ હાલ ના કેસમાં વાદી પાસે જગ્યા અંગેના પોતાના માલીકીપણા અંગેના ૭–૧૨ કે અન્ય રેવન્યુ રેકર્ડ ના હોઈ, ઘર વપરાશનું કનેકશન ખેતીવાડી વિસ્તારમાં આપી શકાય નહીં, આથી પ્રતિવાદી દ્વારા તેમના પત્ર નં–૩૯૬૬ તા.૦૨.૧૨.૨૦૨૩ થી વાદીને અંદાજપત્રના નાણાં પરત લેવા માટે પત્ર લખેલ છે. જે કાર્યવાહી નિયમોનુસાર છે.

૩.૭ ઉપરોક્ત તારણોને આધારે હુકમ કરવામાં આવે છે કે, વાદી પાસે જગ્યાની માલીકી અંગેના આધાર પુરાવાઓ ન હોઈ નવા ઘરવપરાશના વીજ કનેકશનની માંગણી માન્ય રાખી શકાય નહીં, તેમજ પ્રતિવાદી પી.જી.વી.સી.એલ ને આ કામમાં અગાઉ ખોટું સર્વે કરનાર કર્મચારી/અધિકારી ઉપર ખાતાકીય પગલા લઈ ફોરમને અહેવાલ કરવા સુચના આપવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Redressal Fo... P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– **૧૨/૧૨/૨૦૨૩.**